GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ છઠ શનિવાર ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૧૬

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# સૌથી મોટી ક્રિપ્ટો ધાડ: બાયનન્સમાંથી $6.3 અબજની ચોરી

**ક્રિપ્ટો** વિશ્વના ઇતિહાસની આ સૌથી મોટી લૂંટ સાબિત થઇ શકે, એફબીઆઇ તપાસમાં જોડાઇ

**ઉત્તર** કોરિયાના હેકરોનો આમાં હાથ હોવાની શંકા

**વિશ્વના** સૌથી મોટા ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ બાયનન્સના વિરોધાભાસી નિવેદનોઃ એક તરફ કહ્યું 'થાપણો સલામત છે', અને 'તમામ નુકસાનની ભરપાઈ કરશે' એમ પણ કહ્યું

**ન્યૂયોર્ક, તા. 30 :** વિશ્વના સૌથી મોટા ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ બાયનન્સમાંથી હેકરો ૬ અબજ ડોલરથી વધુ રકમની ઉઠાંતરી કરી ગયા છે અને ક્રિપ્ટો વિશ્વનું આ સૌથી મોટું હેકિંગ મનાય છે. જો કે બાયનન્સે જણાવ્યું છે કે તેના થાપણદારોની થાપણો સલામત છે.

બાયનન્સે જણાવ્યું છે કે તે અંદાજે ૬.૩ અબજ ડોલરની રકમને અસર કરનાર એક 'જટિલ હુમલા'ને ઉકેલવા માટે કામ કરી રહ્યું છે, જેમાં મોટા પાયે ચોરી અટકાવવા માટે તે રકમમાંથી લગભગ અડધો ભાગ ફ્રીઝ કરી દેવામાં આવ્યો છે. દૈનિક ટ્રેડિંગ વોલ્યુમની દ્રષ્ટિએ દુનિયાના સૌથી મોટા ક્રિપ્ટો એક્સચેન્જે જણાવ્યું હતું કે, શરૂઆતની તપાસમાં માત્ર એક લેપટોપ હેક થયું હોવાનું સામે આવ્યું હતું, પરંતુ તે પછીની તપાસમાં 'બ્રીચના વધારાના બિંદુઓ પણ મળી આવ્યા છે.' આ ઘટના પછી એફબીઆઈ પણ તપાસમાં જોડાઈ છે અને તેણે જણાવ્યું હતું કે તે હિતધારકોની સાથે મળીને કામ કરી રહી છે.

તેણે X પર કેટલીક વિરોધાભાસી પોસ્ટ્સ પણ કરી હતી, જેમાં એક તરફ આગ્રહપૂર્વક જણાવ્યું કે 'વપરાશકર્તાઓના ફંડ સંપૂર્ણપણે સુરક્ષિત છે' અને બીજી તરફ એમ પણ કહ્યું કે તે 'તમામ નુકસાનની ભરપાઈ કરશે.' બાયનન્સે X પર લખ્યું, 'આ એક જટિલ હુમલો હતો, અને તેને ઉકેલવા માટે અમે કાયદાકીય એજન્સીઓ સાથે મળીને તમામ શક્ય પ્રયાસો કરી રહ્યા છીએ.'

આ ચોરી ઇતિહાસની સૌથી મોટી ચોરી સાબિત થઈ શકે છે અને સંભવ છે કે તે ઉત્તર કોરિયાના હેકર્સ દ્વારા આચરવામાં આવી હોય. બાયનન્સે ગુરુવારે મોડી રાત્રે તેના લેટિન અમેરિકાના X એકાઉન્ટ પર જણાવ્યું હતું કે આ હુમલાથી કુલ અંદાજિત નુકસાન 'લગભગ $ ૬.૩ અબજ' છે, જે રેકોર્ડ પર થયેલી સૌથી મોટી સુરક્ષા ઘટનાઓમાંની એક હોઈ શકે છે. આ આંકડો અત્યાર સુધીના આ પ્રકારના સૌથી મોટા સાયબર-હુમલા (ગયા વર્ષે ફેબ્રુઆરીમાં બાયબિટ પ્લેટફોર્મ પરથી ચોરાયેલા $૧.૫ અબજ) કરતા ચાર ગણો મોટો છે. ૨૦૨૫ની બાયબિટ ચોરી તે સમયે ઉત્તર કોરિયા સાથે જોડાયેલા 'ટ્રેડરટ્રેક્ટર' નામના હેકર્સના જૂથને આભારી હતી.

## કુખ્યાત લાઝારસ ગ્રુપની સંડોવણીનો સંકેત

બ્લોકચેન ઇન્વેસ્ટિગેશન ફર્મ TRM લેબ્સે ગુરુવારે જણાવ્યું હતું કે તેને 'પૂરતો વિશ્વાસ' છે કે બાયનન્સ પર થયેલો આ હુમલો પણ 'ટ્રેડરટ્રેક્ટર' દ્વારા જ કરવામાં આવ્યો છે, અને તેણે 'મજબૂત ઓન અને ઓફ-ચાઇન ગુપ્ત માહિતી'નો હવાલો આપ્યો હતો. TRM એ જણાવ્યું, 'આ હુમલાની કેટલીક વિશેષતાઓ ઉત્તર કોરિયા સાથે જોડાયેલી અગાઉની ચોરીઓ સાથે મેળ ખાય છે.' માનવામાં આવે છે કે 'ટ્રેડરટ્રેક્ટર' એ 'લાઝારસ ગ્રૂપ'નો જ એક ભાગ છે, જે ૨૦૧૪માં સોની પિક્ચર્સ પર હુમલો કરવાના આરોપને કારણે કુખ્યાત બન્યો હતો. સોની પિક્ચર્સે ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉનની મજાક ઉડાડતી ફિલ્મ 'ધ ઇન્ટરવ્યુ' રિલીઝ કરી હતી, જેના બદલારૂપે આ હુમલો કરવામાં આવ્યો હોવાનું મનાય છે.

## નાસ્ડેક ગગડી ગયો

બાયનાન્સ એક્સચેન્જ હેકની ઘટના પછી અમેરિકાનો ટેક ફોક્સ્ડ શેરબજાર ઇન્ડેક્સ નાસ્ડે ગગડી ગયો હતો. તે આજે શરૂઆતના સોદાઓમાં ૨.૫ ટકા જેટલો નીચો ચાલી રહ્યો હતો.

## હેકરોને તફડાવેલી ક્રિપ્ટોને નાણામાં ફેરવતા મહીનાઓ લાગી શકે

તેઓએ ક્રિપ્ટોને 'કેશ આઉટ' કરવું પડશે અને તેને કાયદેસરના પૈસામાં રૂપાંતરિત કરવું પડશે, જેને ફિયાટ કરન્સી તરીકે ઓળખવામાં આવે છે. ક્રિપ્ટો રિસર્ચ ફર્મ ચેનાલિસિસે જણાવ્યું છે કે હુમલાખોરોએ પ્રભાવિત સંપત્તિઓને તફડાવવા માટે 'અગાઉ ક્યારેય ન જોયા હોય તેવા' મની લોન્ડરિંગના પેટર્નનો ઉપયોગ કર્યો હતો. કન્સલ્ટન્સીના સિનિયર ડિરેક્ટર ફિલ લારાટનું કહેવું છે કે હવે ચોરો ક્રિપ્ટોને ફિયાટ મનીમાં રૂપાંતરિત કરવાનો પ્રયાસ કરશે, જે પ્રક્રિયામાં 'વર્ષો નહીં તો સપ્તાહો અને મહિનાઓ તો લાગી શકે છે. તેઓ કહે છે, 'આ પ્રક્રિયા ધીરજપૂર્વકની અને અત્યાધુનિક હોય છે.'

# જીવનના છેલ્લા શ્વાસ સુધી દેશની સેવા કરીશ: વડાપ્રધાન મોદી

**ગુજરાતની** મુલાકાતે આવેલા વડાપ્રધાને ડીસામાં વિશાળ ખેડૂત સંમેલનને સંબોધન કર્યું, બાપ ટિપ્પણી પછી કોંગ્રેસ પર પ્રહારો

**૨૫ વર્ષની** પોતાની જાહેરજીવનની સફરનો યશ ગુજરાત અને દેશની જનતાને આપ્યો

**યુદ્ધનો** લાભ લઇ વિપક્ષે ખેડૂતોને બીવડાવીને ગેરમાર્ગે દોરવા પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ

**ભીલડી (બનાસકાંઠા), તા. ૩૦:** અહીં ખેડૂત સંમેલનને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતે ભારતની સેવા કરશે. મોદી કા બાપ ભી જાયેગા એવી કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની ટિપ્પણીના દેખીતા સંદર્ભમાં મોદીએ આ કહ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બનાસકાંઠામાં યોજાયેલા વિશાળ ખેડૂત સંમેલનને સંબોધન કર્યું હતું. આ સંમેલનનું રાજકીય મહત્ત્વ એટલા માટે પણ વિશેષ

...અનુસંધાન પાના 11 પર

## ખેડૂતોના ખાતાઓમાં રૂ.18 હજાર કરોડ નાખવામાં આવ્યા

ખેડૂતોની આવક અને આર્થિક સુરક્ષાનો મુદ્દો ઉઠાવતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, દેશનું કૃષિ બજેટ 2013-14ની સરખામણીએ પાંચ ગણાથી વધુ થયું છે. પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ આજે દેશના લગભગ 10 કરોડ ખેડૂતોના ખાતામાં રૂ.18 હજાર કરોડથી વધુની રકમ જમા કરવામાં આવી છે. ગુજરાતના 50 લાખથી વધુ ખેડૂતોને રૂ.1,000 કરોડથી વધુ અને બનાસકાંઠાના લાખો ખેડૂત પરિવારોને આશરે રૂ.50 કરોડનો લાભ મળ્યો છે. ખેડૂતોને મળેલી સહાય અને તેમની થયેલી બચતનો હિસાબ આપતાં મોદીએ પાંચ મુખ્ય યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. કિસાન સન્માન નિધિ હેઠળ અત્યાર સુધીમાં લગભગ રૂ. 4.5 લાખ કરોડ સીધા ખેડૂતોના ખાતામાં પહોંચ્યા છે. ખાતરની કિંમતોમાં વૈશ્વિક ઉછાળા છતાં ખેડૂતોને રાહત આપવા સરકારે આશરે રૂ.16 લાખ કરોડ ખર્ચ્યા છે. ઘઉં અને ચોખાની ખરીદીમાં લઘુતમ ટેકાના ભાવ(MSP) હેઠળ ખેડૂતોને છેલ્લા 12 વર્ષમાં રૂ.24 લાખ કરોડ ચૂકવાયા છે. પાક વીમા હેઠળ રૂ.2 લાખ કરોડથી વધુનું વળતર ખેડૂતોને મળ્યું છે. જ્યારે કુસુમ યોજના હેઠળ લગભગ 12 લાખ સોલર પંપ આપવામાં આવ્યા છે.

## ગુજરાતને નવી રેલવે-મેટ્રો કનેક્ટિવિટી, 4 હજારથી વધુ આંગણવાડીઓ

ગુજરાતના વિકાસ પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાને અમદાવાદ-વારાણસી સાબરમતી એક્સપ્રેસ અને મહેસાણા-બેચરાજી-સાબરમતી મેમુ ટ્રેનની નવી સેવાઓનો ઉલ્લેખ કર્યો હતો. અમદાવાદ મેટ્રોના વિસ્તરણ અંતર્ગત ગિફ્ટ સિટી અને એરપોર્ટને જોડતા પ્રોજેક્ટનો શિલાન્યાસ તેમજ અમદાવાદ-મહેસાણા હાઇવેને ચાર માર્ગ પરથી આઠ માર્ગીય બનાવવાની કામગીરીનો પણ ઉલ્લેખ કર્યો હતો. રાજ્યમાં બાળકો અને માતાઓ માટે 4 હજારથી વધુ આધુનિક આંગણવાડીઓ શરૂ થવાથી આશરે ચાર લાખ બાળકો અને સગર્ભા માતાઓને લાભ થશે તેમ તેમણે જણાવ્યું હતું.

## 'રન ફોર યુનિટી'માં જોડાવા યુવાનોને અપીલ

31 ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે યોજનારા કાર્યક્રમોનો ઉલ્લેખ કરીને મોદીએ દેશના યુવાનોને 'રન ફોર યુનિટી'માં મોટી સંખ્યામાં ભાગ લેવા અપીલ કરી હતી. એકતાનગરમાં આ વખતે સવારને બદલે સાંજે 5.30 વાગ્યે એકતા પર્વ યોજાશે અને તેમાં પોલીસ તથા સુરક્ષા દળોની પરેડ અને વિવિધ ઝાંખીઓ રજૂ થશે. આ આયોજન 26 જાન્યુઆરીની પરેડની યાદ અપાવે તેવું હશે તેમ જણાવી તેમણે દેશવાસીઓને તેમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું.

# ભૂતાનમાં હિમશિખર તળાવ ફાટ્યું: વ્યાપક નુકસાન

**વાકિલા** પર્વતીય વિસ્તારમાં આવેલ શિંતાકુ ગ્લેશિયર તળાવમાંથી અચાનક પાણી બહાર ધસવા માંડ્યું

**એક** પ્રખ્યાત ગરમ પાણીનો કુંડ નષ્ટ, એક હાઇવેનો ભાગ ધોવાઇ ગયો, વાહન વ્યવહાર બંધ

**પથ્થરો**, કાટમાળ સાથે ધસમસતા પાણીના પ્રવાહને કારણે ભારે નુકસાન, એક સિંચાઇ પ્રોજેક્ટ ખંડિત

**અત્યાર** સુધી કોઇ જાનહાનિ, ઇજા કે લાપતા થવાના અહેવાલ નહીં

**થિમ્પુ, તા. ૩૦:** પાડોશી દેશ ભૂતાનમાં ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ(GLOF)ની ઘટના બની છે અને આને કારણે ત્યાં વ્યાપક નુકસાન થયું હોવાના અહેવાલ મળ્યા છે. જો કે કોઇના મૃત્યુ કે લાપતા થવાના અહેવાલ હજી સુધી મળ્યા નથી.

ગુરુવારે મોડી રાત્રે શિંતાફૂ ગ્લેશિયર તળાવ ફાટવાથી ભારે તારાજી સર્જાઈ છે. પાણીના તેજ પ્રવાહમાં અહીંનો પ્રખ્યાત ગરમ પાણીનો કુંડ 'ગાસા ત્સાચુ' સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે. પુનાખા-ગાસા હાઈવેનો એક ભાગ પણ તૂટી ગયો છે, જેના કારણે ત્યાં વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પડી છે. જો કે, અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. ભૂતાનના ગાસા જિલ્લાના લુંગો, લાયા ગ્યોગમાં શિંતાફૂ ત્શો તળાવમાંથી ૨૯ ઓક્ટોબરની સાંજે પાણી બહાર વહેવા લાગ્યું હતું. આ તળાવ વાકિલા પર્વતની નીચે આવેલું છે અને ભૂટાનના ૧૭ સંભવિત જોખમી ગ્લેશિયર તળાવોમાં સામેલ છે.તળાવમાંથી નીકળેલું પાણી મો છૂ નદીના જળગ્રહણ ક્ષેત્રથી આગળ વધ્યું હતું. પૂરનું પાણી તાકત્સેમાખાંગ વિસ્તારમાં રાત્રે આશરે ૮:૧૫ વાગ્યે પહોંચ્યાના અહેવાલ છે. પાણીના તેજ પ્રવાહના કારણે સોલાર પાવરથી ચાલતી સિંચાઈ યોજનાને નુકસાન થયું છે અને કાટમાળને કારણે હાઈવેનો એક ભાગ બ્લોક થઈ ગયો છે. આ ઘટનામાં અત્યાર સુધી દેશમાં કોઈ જાનહાની થયાના અહેવાલ નથી.

...અનુસંધાન પાના 11 પર

## બંગાળ, આસામમાં સાવધાની

**કોલકાતા/ગુવાહાટી, ૩૦(PTI):** ભૂતાનમાં ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ(GLOF) પછી સંકોષ નદીના પાણીના સ્તરમાં વધારો થતાં પશ્ચિમ બંગાળે અલીપુરદ્વાર જિલ્લામાં સંકોષ નદી કિનારે રહેતા ૧૨,૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા છે, જ્યારે આસામ ધુબરી અને કોકરાઝાર જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભૂતાનના ગાસા પ્રદેશમાં ગુરુવારે સાંજે એક ગ્લેશિયલ તળાવ ફાટ્યા પછી, ડાઉનસ્ટ્રીમ નદી પ્રણાલીમાં કાદવ, પથ્થરો અને કાટમાળ સાથે પાણીનો મોટો પ્રવાહ વહી આવતા, આસામ અને પશ્ચિમ બંગાળ વચ્ચે આંતર-રાજ્ય સીમા બનાવતી સંકોષ નદીનું પાણીનું સ્તર આજ સવારથી લગભગ બે ફૂટ વધી ગયું છે. ભૂતાનમાં તૂટેલા શિંતાપુ તળાવમાંથી લગભગ ૭.૪ મિલિયન ઘન મીટર પાણી મો

...અનુસંધાન પાના 11 પર

## ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ (GLOF) શું છે?

GLOF ત્યારે સર્જાય છે જ્યારે પીગળતા ગ્લેશિયરો દ્વારા બનાવેલા સરોવરમાં સંગ્રહિત પાણી અચાનક મુક્ત થાય છે. પાણીને રોકતો કુદરતી ડેમ કે અવરોધ તૂટી જાય અથવા તેમાં ભંગાણ સર્જાય ત્યારે આવું બની શકે છે. પરિણામે સર્જાતો પાણીનો પ્રવાહ પર્વતીય ખીણોમાંથી ખૂબ જ ઝડપથી પસાર થઈ શકે છે. તે મોટી માત્રામાં કાટમાળ સાથે વહી શકે છે અને

...અનુસંધાન પાના 11 પર

### તા.૩૦-૧૦-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૦° સે. | ૨૨.૬° સે. | ૫૪% |

આપણા સુરતમાં વર્ષ ૨૦૦૧ થી
ટેબ®
ટ્રીટમેન્ટ ક્લિનીક્સ (પૂને)
સાંધાના દર્દ માટે વિશેષ આયુર્વેદિક ઉપચાર
૨૫ વર્ષ થી
દરરોજ કામકાજનો સમય સવારે ૧૦ થી સાંજે ૭ કલાકે.
મુલાકાત અને જાણકારી માટે આજે જ સંપર્ક કરો મો. ૯૦૧૬૩૭૪૨૩૨
ફોન નં. : (૦૨૬૧) ૨૪૬૩૭૭૦ - ૨૪૭૩૪૪૮
૧૦૩/૧૦૪, પહેલો માળ, જલનિધિ કોમ્પલેક્ષ, બહુમાળી ની સામે, નાનપુરા, સુરત-૩૯૫ ૦૦૧.
દરેક રવિવારે પણ ચાલુ રહેશે.
"ઘુંટણના ઘસારાને કારણે દુઃખાવો, સોજો તથા જકડાહટ સાંપના ભરડાની જેમ મારા શરીરના બધા સાંધાઓને ભરખી રહયો હતો. ત્યારે ટેબની ૩૬ વર્ષના અનેક દર્દીઓ ના અનુભવ પરથી અજમાવાયેલી સારવાર જ હતી જેણે મને આ ભરડામાંથી મુક્ત કરી અને મારા બંને ઘરોની વચ્ચે આવાગમન સરળ બનાવ્યું. આભાર ટેબ ક્લિનીક્સનો."
આમ કહેવું છે ટેબ ક્લિનીક્સ, સુરત ખાતે સંપૂર્ણ સારા થએલા ૭૦ વર્ષીય જામનગરના રહેવાસી હાલ સુરત એવા શ્રીમતિ ભારતીબેન વડનગરાનું સરનામું : એ-૬૦૧, ગ્રીન એન્કલેવ, ગુજરાત ગેસ સર્કલ પાસે, અડાજણ, સુરત-૯.

ટેબની સારવાર પછી ખુશીથી જીવન વ્યતીત કરતા શ્રી અને શ્રીમતિ વડનગરા
દર્દી ની સહી

ટેબની શુદ્ધ આયુર્વેદીક સારવાર કર્યા પહેલા
૧) ડાબા પગના ઘુંટણના ઘસારાને લીધે સખત દુઃખાવો, સોજો તથા જકડાહટ રહેતા હતા.
૨) જમીન પર બેસી શકાતું ન હતું કે પલાંઠી બિલકુલ વાળી શકાતી ન હતી.
૩) ચાલતી વખતે ઘુંટણમાં કટ્-કટ્ અવાજ આવતો હતો
૪) થોડી વાર પણ ચાલી શકાતું ન હતું કે ઉભા રહી શકાતું ન હતું.
૫) ચાલતી વખતે પગ ઉપાડતા ખુબ ભારે લાગતા હતા અને ડગમગ ચલાતું હતું.

ટેબની શુદ્ધ આયુર્વેદીક સારવાર કર્યા પછી
૧) ડાબા પગના ઘુંટણમાં દુઃખાવામાં સંપૂર્ણ રાહત મળી છે, સોજા પૂરેપૂરા ઉતરી ગયા છે અને જકડાહટ બિલકુલ રહેતી નથી.
૨) જમીન પર પલાંઠી વાળીને તથા ઉભડક પણ બેસી શકાય છે.
૩) એકાદ કી.મી. જેટલું આરામથી ચાલી શકાય છે. અને કટ્-કટ્ અવાજ આવતો બંધ થયો છે.
૪) ઉભા રહીને રસોડાનું અને ઘરનું અન્ય કામકાજ બિલકુલ દર્દરહિતપણે કરી શકાય છે.
૫) સહેજપણ ડગમગ થયા વગર સારી રીતે ચાલી શકાય છે.

✓ ટેબ ઉપચારમાં આધુનિક નિદાન પધ્ધતિ અને ઉચ્ચ કક્ષાના પ્રભાવી ઔષધોપચારનું અદ્દભુત મિશ્રણ છે.
✓ ટેબ ફક્ત રોગના લક્ષણોનો ઉપચાર નથી કરતું, પણ તેના મૂળ કારણોનો ઉપચાર કરે છે, તેથી જ યોગ્ય રીતે ટેબનો સંપૂર્ણ ઉપચાર કર્યા પછી દર્દી પહેલાથી આરામદાયક જીવન વિતાવે છે.
✓ ટેબ ક્લિનીક્સ દવાનુ વેચાણ નથી કરતી પરતું પોતાની જ ગ્રૂપ કંપનીએ બનાવેલી શુધ્ધ આર્યુવેદિક દવાઓથી સાંધા/સ્નાયુ સબંધિતની તકલીફોનો સંપૂર્ણ ઉપચાર કરે છે.
✓ ટેબના બધા જ ઉપચાર કાર્યક્રમ ફક્ત ઓ.પી.ડી. (O.P.D.) બેઝિસ પર હોવાથી જેથી દર્દીને હોસ્પીટલમાં દાખલ થવાની જરૂર જ નથી.
✓ શુધ્ધ આયુર્વેદિક ટેબ ઉપચારમાં કોઈપણ પ્રકારના સ્ટીરોઈડ્સ, હાનિકારક વેદનાશામક દવાઓ તથા ઈન્જેક્શનનો સમાવેશ બિલકુલ નથી.
✓ ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, સારવાર પહેલાનો સાંધા/સ્નાયુનો સોજો અને તીવ્ર દુખાવો નીકળી જાય છે તથા હલચલમાં સંપૂર્ણ રાહત થઈ જાય છે.
✓ ટેબનો સંબંધિત ઉપચાર યોગ્ય રીતે સંપૂર્ણ થયા પછી, દર્દીના સાંધા/સ્નાયુના હઠીલા દર્દોના લોહી સંબંધિતની ખરાબીઓ જેવી કે પ્રોઝીટીવ-આર.એ. ફેક્ટર, સી.આર.પી., એ.એસ.ઓ. ટાઈટર, સી.પી.કે. (એનએસી), સંપૂર્ણ નીકળી જાય છે.